


# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા
'સંવાદિતા પર્વ', કારતક સુદ બીજ, ભાઈબીજ
૩ નવેમ્બર ૨૦૨૪, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી.

**સર્વ** પરિવારજનોનો આજના આ પારિવારિક સુસંવાદિતા પર્વ સંમેલનમાં પધારવા બદલ અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. અને સદ્‌ગુરુ મનોજદાસજીએ પારિવારિક સંવાદિતાની જે વાત કરી છે તે મન પર લઈને, આખા વર્ષ દરમિયાન નાનો નાનો પ્રયત્ન કરીને આપણે આપણા પરિવારમાં એવી સુસંવાદિતા સ્થાપી, ગુરુહરિ સાહેબદાદાનો રાજીપો પ્રાપ્ત કરીએ એવો રૂડો સંકલ્પ કરીને નૂતનવર્ષની શુભ શરૂઆત કરીએ છીએ.

'Good Parenting' કરવામાં પરિવારનાં વડીલો દ્વારા પોતાના પરિવારને સંભાળવા માટે સજાગતાપૂર્ણ ને ગંભીરતાપૂર્વકની ફરજ બજાવવામાં જે ચૂક રહી ગઈ છે એની આપણે નવેસરથી શરૂઆત કરીશું. આ વાત કંઈ નવી નથી. આપણી વૈદિક પરંપરાઓએ, આપણાં શાસ્ત્રોએ, આપણા સંતોએ અને વિશેષ કરીને ઈષ્ટદેવ તરીકે આપણા ભગવાનનાં સ્વરૂપોએ આ વાત સમજાવી છે. માત્ર લોહીના સંબંધથી કે સગપણથી જોડાયેલી પાંચ વ્યક્તિઓનો સમૂહ એ પરિવાર નથી. એક છત હેઠળ રહેનારાં આપણે સૌ મનથી કેટલાં બધાં નોખાં છીએ અને એકબીજાંથી કેટલાં બધાં દૂર છીએ તેની ગંભીરતા પણ સમજીએ. અને ત્યારે હું એક સનાતન સિદ્ધાંતની આપ સર્વને વાત કહેવાનો મોકો લઉં છું.

આ સંસારની કે આખી સૃષ્ટિની વાત આપણે નથી કરતા, પણ 'સારે જહાઁ સે અચ્છા, હિન્દુસ્તાઁ હમારા'ની વાત કરીએ. અને એમાં પણ આપણે ગુજરાત અને કાઠિયાવાડના ગામઠી ગુજરાતીઓ સાથેના સંબંધોથી બંધાયા, જોડાયા; તો એ પૂર્વની આપણી કંઈક લેણદેણ છે. કેટલાંકને આપણે ઓળખીએ છીએ, કેટલાંક આપણને ઓળખે છે અને કેટલાંકની સાથે આપણને ઘરોબો ને સુવાણ તથા સુસંવાદિતાનો સુખદ અનુભવ પ્રાપ્ત થાય છે. આ વર્ષ પૂરું થાય છે ત્યારે ચોપડામાં એનો પણ હિસાબ કરવાનો સમય છે. આપણને જેઓ મળ્યા છે તેમને સહર્ષ સ્વીકારીને, એમની જોડે આનંદપૂર્વક જીવી લઈએ. આનંદપૂર્વક કેવી રીતે જીવવું તે માટે દેવોના દેવ એવા મહાદેવ આપણને બહુ જબરજસ્ત પ્રેરણા આપે છે.

શિવ પરિવારનું ચિત્ર આપ સૌએ જોયું હશે. હું અત્યારે બોલું ત્યારે તમે આંખો બંધ કરીને એની કલ્પના કરજો. મહાદેવજી બેઠા છે. બાજુમાં પાર્વતીજી છે. એમની સામે શિવજીનું વાહન નંદી છે, પાર્વતીજી એમનું વાહન સિંહ લઈને બેઠાં છે. તેમના બે પુત્રો એક કાર્તિકેય છે, બીજા ગણપતિ છે. એકનું વાહન ઉંદર છે, બીજાનું વાહન મોર છે. મહાદેવે પોતે ગળામાં નાગની માળા વીંટી છે ને માથામાંથી ભાગીરથી સતત વહેતી રહે છે. આપણે આ જે કલ્પના કરી એ મૂર્તિનું નામ છે શિવ પરિવાર ! સંવાદિતા લાવવા માટે અનેક પ્રકારની વિવિધતાઓ, વિસંગતતાઓની વચ્ચે પણ શિવજીની મૂર્તિને તમે જુઓ. આપણે એમને સ્મશાનના દેવ કહ્યા છે. એમને પરિવાર હતો, પણ તેઓએ યોગ સાધ્યો હતો અને સ્મશાનમાં બેસીને શાંતિથી સમાધિ લગાવી શકતા એટલે એમણે સાંખ્ય પણ સાધ્યો હતો. કાર્તિકેયના મોરનું ધ્યાન શિવજીના ગળાના નાગ ઉપર છે; હમણાં નાગ નીચે ઊતરે તો ! નાગ અને મોરને કેવી લડત છે એ આપણને ખબર છે. એની સાથે સાથે ઉંદર પણ નાગનો ખોરાક છે. મહાદેવજીનું વાહન છે પોઠિયો અને પાર્વતી માતાનું વાહન છે હિંસક પ્રાણી. આ બધાંની વચ્ચે પણ શિવજી પલાંઠી વાળીને નિરાંતે બેઠા હોય અને શીતળતાના રૂપ એવી ભાગીરથી માથામાંથી વહેતી હોય; એ પારિવારિક સુસંવાદિતાનું કેટલું મોટું દૃષ્ટાંત છે !

સુમેળતા, સુસંવાદિતા, સહૃદયતા – એ ખૂબ ઊંચા ને ગંભીર શબ્દો છે, પણ પશુવૃત્તિમાંથી માણસ બનવું, માણસે માણસાઈથી જીવતા શીખવું અને દેવતાઈ પદ પામવા દૈવીગુણોની સંપદા વધારવી; એ દિવાળી પર્વોના

ઉત્સવનું મૂળભૂત રહસ્ય છે. અજ્ઞાન અને અંધકાર ટાળનારું, જ્ઞાન અને પ્રકાશ પાથરીને દીવાઓ પ્રગટાવવાનું આ પર્વ, તો એની સાથે સાથે માત્ર પરિવારનાં ભાઈ-બહેન માટેનું જ આજે પર્વ નથી, પણ સૌ બહેનો પણ એવી માતૃશક્તિ બની શકે છે કે, જેને સાસરિયાં-પિયરિયાંનો ભેદ મટી જાય છે. પરિવારની અંદર કજિયો, કકળાટ, કંકાસ, વિસંવાદિતા; આ બધું ભેદદૃષ્ટિથી આવે છે. મારા પ્રભુના સંબંધથી, ગુરુના સંબંધથી જીવતાં થવા પહેલાંની આ પ્રાથમિક ટ્રેનિંગ છે કે, મારાં જેની સાથે શુભ લગ્ન થયાં છે અને જે પરિવારમાં હું પુત્રવધૂ બનીને આવી છું ત્યારે સહજતાથી, સરળતાથી એ પરિવારમાં મારે ગોઠવાવાનું છે. અને એ માટેની શક્તિ ઈશ્વરે સ્ત્રીને આપી છે. કાકી, મામી, માસી, ફોઈ; એક જ સ્ત્રી, એક જ પાત્ર આટલું બધું બની શકે છે. જેવું પાત્ર સામે આવે એ પ્રકારનો એ પોતાનો પ્રેમ, સ્નેહ, વાત્સલ્ય, હૂંફ, કરુણા એની પર વરસાવી શકે છે. પણ એ ત્યારે વરસાવી શકાય કે જ્યારે તે ગમતું-ના ગમતું, પોતાનું-પારકું ; એનાથી ઉપર ઊઠી જાય !

ઘણા પરિવારો ચોથી પેઢીનાં સંતાનો સાથે સુસંવાદિતાથી રહે છે તેનો અહીંયાં ઉલ્લેખ થયો, પણ એની સાથે સાથે આપણાં ૪થી ૧૪ વર્ષની ઉંમરનાં દીકરા-દીકરીઓના ભવિષ્ય માટે આવા સાધુ ચિંતિત થઈને આપણને પરિવારજીવનની જ્યારે વાત કરે છે ત્યારે આપણી જવાબદારી પણ વધી જાય છે. અને એમાંય વિશેષ કરીને આપણે અનુપમ મિશનના સત્સંગી, ગુરુહરિ સાહેબદાદાના સત્સંગી અને છતાં જો આપણા પરિવારની અંદર આપણે હજુ આ મૂળભૂત વાતનાં બી વાવી શક્યાં ના હોઈએ તો એની લણણી તો ક્યાંથી થઈ શકશે ? હવે પછીનો સમય આપણી સામે, પરિવારજીવનની સામે ચૅલેન્જિસના રૂપમાં આવી રહેવાનો છે.

અત્યારે જેમ બધાં ઑનલાઇન ખરીદી કરતાં થયાં છે. પણ વેપારી અને ગ્રાહક વચ્ચેનો સંબંધ, એ મીઠાશ, પ્રેમ, આવકાર, એકબીજાંની ઓળખાણ હોય કે ના હોય પણ ત્યારે એ એમ કહેશે કે, 'પૈસા ના હોય તો વાંધો નહીં, પર્વનો દિવસ છે તો લઈ જાવ અને સગવડ થાય ત્યારે આપી જજો.' ઑનલાઇનવાળો એવું કહેતો નથી. પૅમેન્ટ પહેલું ભરો પછી ઘેર ડિલિવરી આવે છે. તો ક્યાં ચુકાતું જાય છે, ક્યાં ભુલાતું જાય છે ? અને એમાંય આપણે જ્યારે ભગવાનને લઈને બેઠા હોઈએ ત્યારે તો આપણી જવાબદારી એનાથી પણ વિશેષ અને ગંભીર બને છે. તો, આ મંગલપર્વે ગુરુહરિ સાહેબદાદા ને શ્રી ઠાકોરજી પાસે એવા રૂડા આશીર્વાદ મેળવીએ કે, પોતાની આસપાસનાં ને પોતાના ઘરનાં પાત્રોથી આપણે આ પ્રકારે જીવવાનો પ્રયત્ન શરૂ કરીએ. મને મળ્યું એ ભગવાનનું પરમતત્ત્વ મારા ઘરમંદિરમાં બિરાજમાન શ્રી ઠાકોરજીમાં અને મારી સાથે રહે છે એ પરિવારનાં સભ્યોમાં રહ્યું છે. એમના માટેનો વિચાર, એમની સાથેનો વાણીનો વ્યવહાર અને એમની સાથે રોજિંદો વ્યવહાર મારો આ ભાવથી થાય તો સાહેબદાદા સુધી પહોંચવાનો રસ્તો બહુ સહેલો બની જાય છે. પારિવારિક સુસંવાદિતાનું આ પર્વ આપણે અનુપમ મિશનમાં આ ભાવનાથી જો કરીશું તો અષ્ટલક્ષ્મી પણ આપણી ઉપર સર્વ પ્રકારે કૃપા વરસાવશે.

દિવાળીના મંગલપર્વના પવિત્ર દિવસે ગુરુહરિ પરમ પૂજ્ય સાહેબદાદા સદેહે આપણાં સૌની વચ્ચે પધાર્યા. આપણે ખૂબ ઉમંગથી તેઓનું સ્વાગત અને સન્માન કર્યું. એ ભાવ આપણો ૨૪ કલાક અને ૩૬૫ દિવસ સ્થિર થઈને ટકી રહે તેવી પણ આપણે આજના દિવસે મંગલ પ્રાર્થના કરીએ ! એ ભાવ સ્થિર થયો હશે તો આપણને આપણાં નિકટનાં સ્વજનો સાથે, દેહનાં સગાં-સંબંધીઓની સાથે એવાં પ્રેમ અને મીઠાશથી જીવવાની સતત પ્રેરણા ને બળ ગુરુહરિ સાહેબદાદા ને સંતો દેતા રહેશે.

સાધુ મનોજદાસજીએ વૈશ્વિક પ્રશ્નોની સાથે ભારતીય સંસ્કારો ને સંસ્કૃતિ અને એના પાયારૂપ પરિવારની સુદૃઢતા ને પરિવારમાં ઊછરી રહેલી યુવાનપેઢીની સામે અત્યારે ટૅક્નોલૉજીના માધ્યમથી આવીને ઊભાં રહેલાં જે દૂષણો ; એ સઘળી બાબતો ઉપર પ્રકાશ પાડીને આપણને સર્વને ચેતવ્યાં છે. અમે સાધુઓ પણ સંન્યાસ આશ્રમની મર્યાદામાં રહીને એનો સદ્‌ઉપયોગ કરતાં શીખીએ. પ્રભુની, ગુરુની આજ્ઞા પાળવા ને ભક્તિ માટે એનો ઉપયોગ કરીએ તેવો રૂડો સંકલ્પ કરીએ.

સર્વની સાથે સુમેળતા, સુસંવાદિતા, સહૃદયતા; આમાં એક બહુ મહત્ત્વની બાબત એ છે કે જેને આ વાત સમજમાં આવી એના ભાગે પરિવારમાં સૌથી વધારે સહન કરવાનું આવશે. હું નાનો હતો ત્યારે મેં મારા પરિવારમાં જોયું છે કે મોટાં ભાઈ-બહેનોને મમ્મી હંમેશાં એમ કહેતી કે, 'તમે મોટાં છો, સમજદાર છો ને તમે નથી સમજતાં ? એ નાનો છે, નાદાન છે ને એ તો તોફાન કરે.' પરિવારની અંદર જે મોટો છે ને જે સમજદાર છે તેના ભાગે જ સૌથી વધારે સહન કરવાનું આવે છે. પરિવારનાં વડીલો તરફ જ્યારે આપણે દૃષ્ટિ કરીએ તો ખ્યાલ આવશે કે, એમણે આપણાં માટે કેટલું સહન કર્યું છે, કેટલું જતું કર્યું છે, આપણને કેટલાં સહન કર્યાં છે ! ને મોટું મન ને ઉદાર વૃત્તિ રાખીને પરિવારને સુગઠિત કરીને આપણે સૌ સુખી થઈએ એ માટે એમણે એમનાં સુખચેનની કદી ચિંતા કરી નથી.

'સહૃદયતા' એટલે બીજાંને માટે જીવવું, સહન કરવું, જતું કરવું અને જે સારું છે તે બીજાંને આપીને રાજી થવું. આ બધી કથા જાણતા હોવા છતાં પણ આપણે જેટલું કંઈ થાય એટલું જ કરીએ છીએ, છતાંય મોટા પુરુષો ખૂબ અનુગ્રહ કરીને આપણાં ઉપર કૃપા વરસાવી રહ્યા છે ! વિ.સં.ના ૨૦૮૧ના વર્ષે આપણે આ કૃપાને એળે ના જવા દઈએ, એને વેડફી ના નાખીએ ; એને ધારણ કરીને, ગુરુને, પ્રભુને રાજી કરવા માટે હાંહાંગડથલ પ્રયત્ન કરીએ એ માટેની બુદ્ધિ, શક્તિ અને ભક્તિ આપે તેવી મંગલ પ્રાર્થના!

જય શ્રી સ્વામિનારાયણ ! ◆